પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૯૦, કુલ પાના:૪, તારીખ: ૦૮-૧૨-૨૦૨૦ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 90 PRICE :-RS. 1.50 DATE : 08-12-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678
પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### કોંગ્રેસ,સપા,બસપા સહિતની રાજકીય પાર્ટીઓ સહિત ૧૦ ટ્રેડ યુનિયનોનું ખેડૂતોના ભારત બંધને સમર્થન

# કૃષિ કાયદા પરત ખેંચો: ખેડૂતોનું આજે ભારત બંધ

ન્યુ દિલ્હી,
કૃષિ કાનૂન વિરૂદ્ધ આંદોલન કરી રહેલા ખેડૂતોએ આવતીકાલે આપેલા ભારત બંધને કોંગ્રેસ, ડીએમકે, આપ, બસપા અને ટીઆરએસ દ્વારા પણ સમર્થન આપવાનું એલાન કરવામાં આવ્યુ છે. અત્યાર સુધીમાં ૧૧થી વધુ વિપક્ષો અને ૧૦ ટ્રેડ યુનિયનોએ ભારત બંધનું સમર્થન કર્યુ છે.



ખેડૂતોના ભારત બંધને કોંગ્રેસે સંપૂર્ણ સમર્થનની ઘોષણા કરી છે. ખેડૂતોની માંગના સમર્થનમાં ૮ ડિસેમ્બરે કોંગ્રેસ તમામ રાજ્ય મુખ્યાલય અને જિલ્લા કાર્યાલયો પર પ્રદર્શન કરશે. કોંગ્રેસ કૃષિ કાનૂનનો પ્રસ્તાવ લવાયો ત્યારથી જ તેનો વિરોધ કરી રહી છે. રાહુલ ગાંધીએ કાનૂન લાગૂ થયા બાદ પંજાબમાં ખેડૂતોની એક વિશાળ રેલીને સંબોધિત કરી હતી. ખેડૂતોની માંગના સમર્થનમાં ખુલ્લીને સામે આવી રહેલ આમ આદમી પાર્ટી નેતા અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે બંધને સમર્થન આપ્યું છે. આપ નેતા અને રાજ્યસભા સાંસદ સંજય સિંહે કહ્યું કે પાર્ટીએ સંસદથી લઈ સડક સુધી તમામ નેતાઓ અને કાર્યકર્તાઓને ખેડૂતોનું સમર્થન કરવાની ઘોષણા કરી છે. ખેડૂતો દિલ્હી પહોંચવા પર જ્યારે દિલ્હી પોલીસે સ્ટેડિયમને જેલ બનાવવા માટે મંજૂરી માંગી હતી તો દિલ્હી સરકારે તે ફગાવી દીધી હતી. તેલંગાણાના મુખ્યમંત્રી અને તેલંગાણા રાષ્ટ્ર સમિતિના નેતા કે ચંદ્રશેખર રાવે પણ ખેડૂતોના ભારત બંધને પોતાનું સમર્થન આપ્યું છે. કેસીઆરે પાર્ટી કાર્યકર્તાઓને ભારત બંધને સફળ બનાવવામાં સહયોગ કરવાની અપીલ કરી છે. બંધનું સીપીએમ, સીપીઆઈ, સીપીઆઈ-એમએલ, રિવૉલ્યૂશનરી સોશિયાલિસ્ટ પાર્ટી અને ઑલ ઈન્ડિયા ફોરવર્ડ બ્લોક સહિત તમામ વામ દળોએ પોતાનું સમર્થન આપ્યું છે. વામદળો તરફથી જાહેર કરાયેલ સંયુક્ત નિવેદનમાં ખેડૂતોની માંગના સમર્થન અને આ કાનૂન પરત લેવા માટે ભારત બંધનું સમર્થન કરવાની વાત કહી છે. ખેડૂતોના ભારત બંધના આહ્વાનને તૃણમૂલ કોંગ્રેસે પણ સમર્થન આપ્યું છે.

રાજનૈતિક પાર્ટીઓની સાથે જ કેડૂતોના પ્રસ્તાવિત ભારત બંધના ટ્રેડ યૂનિયનોએ પણ પોતાનું સમર્થન આપ્યું છે. ઈન્ડિયન નેશનલ ટ્રેડ યૂનિયન કોંગ્રેસ, ઑલ ઈન્ડિયા ટ્રેડ યૂનિયન કોંગ્રેસ, હિંદ મજૂર સભા, સેંટર ફોર ઈન્ડિયન ટ્રેડ યૂનિયંસ, ઑલ ઈન્ડિયા ટ્રેડ ઈન્ડિયન સેંટર અને ટ્રેડ યૂનિયનને કો-ઓર્ડિનેશન સેંટરે બંધનુ સમર્થનની ઘોષણા કરી છે.

ભાજપના સહયોગી રાષ્ટ્રીય લોકતાંત્રિક પાર્ટીએ પણ ભારતનું સમર્થન કર્યુ છે. પાર્ટી નેતા અને સાંસદ હનુમાન બેનીવાલે કહ્યુ કે પીએમ મોદીને કૃષિ કાનૂન પરત લેવું જોઈએ. એનડીએમાં રહેવું કે નહિ તેનો અમે ૮ ડિસેમ્બર બાદ ફેસલો લેશું.

ખેડૂતોએ પણ હવે સરકારને અલ્ટીમેટમ આપી દીધુ છે કે જ્યાં સુધી નવા ૩ કૃષિ કાયદા પાછા નહીં ખેંચાય ત્યાં સુધી તેમનું આંદોલન ખતમ નહીં થાય. કેન્દ્ર સરકારના નવા કૃષિ કાયદા વિરુદ્ધ ખેડૂતો દિલ્હીની સરહદો પર ડટેલા છે. દિલ્હીની સિંઘુ બોર્ડર પર રવિવારે ખેડૂત સંગઠનોની મહત્વની પ્રેસ કોન્ફરન્સ થઈ. જેમાં તેમણે આ સંદેશ આપ્યો. સંગઠનોએ ખેડૂતોને દિલ્હી કૂચ કરવાની અપીલ પણ કરી છે.

## સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટમાં નિર્માણ પર રોક, શિલાન્યાસને સુપ્રિમ કોર્ટની મંજૂરી

ન્યુ દિલ્હી,
સુપ્રીમ કોર્ટે સોમવારે નવા સંસદ ભવનના નિર્માણ માટેના સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ અંગે સખત વલણ અપનાવ્યું હતું. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે જ્યાં સુધી સુપ્રીમ કોર્ટ પોતાનો ચુકાદો નહીં આપે ત્યાં સુધી કોઈ બાંધકામ કે તોડફોડ થવી જોઈએ નહીં. કોર્ટે સોલિસિટર જનરલને પૂછ્યું કે તમે પ્રેસ રિલીઝ આપીને નિર્માણ તારીખ નક્કી કરી દીધી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે તેના પર આગળ કોઈ કામ ન થવું જોઈએ.



અમને શિલાન્યાસ – ફાઉન્ડેશનમાં કોઈ સમસ્યા નથી, પરંતુ આગળ કોઈ બાંધકામ થવું જોઈએ નહીં.


સુપ્રિમ કોર્ટની સખ્તાઈ સામે કેન્દ્ર સરકાર ઝૂકી ગઈ છે. સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટમાં કોઈ બાંધકામ કરવામાં આવશે નહીં. કેન્દ્રએ કોર્ટમાં કહ્યું હતું કે માત્ર શિલાન્યાસ કરવામાં આવશે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે, નિર્માણ, તોડફોડ કે વૃક્ષો કાપીશું નહીં. શરૂઆતમાં કોર્ટે કહ્યું હતું કે અમે સ્ટે નથી આપી રહ્યા, પરંતુ તમે જે પણ કરો તે અમારા આદેશોને આધિન રહેશે. એ સારું રહેશે કે તમે આ મુદ્દા પર ધ્યાન રાખશો. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે કેન્દ્ર કાગળની કાર્યવાહી સાથે આગળ વધી શકે છે, પરંતુ એક વખત માળખું ઊભું થઈ ગયું તો જૂની પરિસ્થિતિને પુનર્સ્થાપિત કરવી મુશ્કેલ થઈ જશે. ૨૦હજાર કરોડના સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ કેસની સુપ્રીમ કોર્ટમાં સોમવારે સુનાવણી થઈ. સુપ્રિમ કોર્ટે કેન્દ્ર સરકારને કહ્યું કે અમે આ બાબતને સૂચિબદ્ધ કર્યું છે કારણ કે, કેટલુંક ડેવલપમેન્ટ જાહેર ક્ષેત્રમાં આવે છે. એ સાચું છે કે પ્રોજેક્ટ પર કોઈ રોક નથી. એનો મતલબ એવો નથી કે તમે દરેક વસ્તુ સાથે આગળ વધી શકો છે.

કોર્ટે સોલિસિટર જનરલને કહ્યું, "અમે અપેક્ષા રાખતા હતા કે તમે કાગળની કાર્યવાહી વગેરે સાથે આગળ વધશો પરંતુ એટલા આક્રમક રીતે આગળ વધશો કે તમે બાંધકામ શરૂ કરી દો. કોઈ સ્ટે નથી એનો અર્થ એનથી કે તમે બાંધકામ ચાલુ કરી શકો છો. અમે કોઈ સ્પષ્ટ નિયંત્રણોનો ઓર્ડર પસાર કર્યો નથી કારણ કે અમને લાગ્યું છે કે તમે વિવેકબુદ્ધિવાળા છો અને તમે કોર્ટ

(અનુ.પાના.નં.૨)

## બંધના નામે કાયદો હાથમાં લીધો તો કાર્યવાહી થશે: રૂપાણીની ચેતવણી

ગાંધીનગર,
કૃષિ કાયદાને લઈને સરકાર અને ખેડુતો વચ્ચે ગતિરોધ યથાવત છે. આ દરમિયાન ખેડૂત નેતાઓએ ૮ ડિસેમ્બરે આખું ભારત બંધનું એલાન આપ્યું છે ત્યારે ગુજરાત કોંગ્રેસે પણ ખેડૂતોના સમર્થનમાં આખા ગુજરાતમાં કોંગી નેતાઓથી લઈ કાર્યકરોની અપીલ કરી છે કે, ગુજરાતમાં ખેડૂતોનું આંદોલન અંજામ સુધી પહોંચાડવાનું છે.



દિલ્હીમાં ખેડૂત આંદોલનનો આજે ૧૨મો દિવસ છે. ખેડૂત સંગઠનોએ આવતીકાલે ભારત બંધનું એલાન પણ કર્યુ છે. ત્યારે આ મુદ્દાઓ પર ગુજરાતનાં મુખ્યમંત્રી રૂપાણી નિવેદન આપ્યું હતું. આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી અને કહ્યું હતું કે, ખરેખરમાં આ આંદોલનમાં ખેડૂતોનું માત્ર નામ છે બાકી રાજકીય રીતે સમગ્ર આંદોલન ચાલી રહ્યું છે. આવતીકાલે ગુજરાતમાં બધુ ચાલુ રહેશે, બંધના નામે કાયદો અને વ્યવસ્થા બગાડનાર સામે કાયદાકીય પગલા લેવામાં આવશે.

રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે, આવતીકાલે ગુજરાત ચાલુ રહેશે, બંધમાં કાયદો તોડશે તો કાર્યવાહી થશે. આ દરમિયાન સીએમ રૂપાણીએ બંધને લઈ વિપક્ષ પર પ્રહાર કરતા કહ્યું કે, ખેડૂતોના નામે કોંગ્રેસ સહિતના વિપક્ષોએ આંદોલન કરી રહ્યા છે. તેઓ પોતાનું અસ્તિત્વ દેખાડવા બંધમાં જોડાયા છે. રાજકીય પાર્ટીને આંદોલનમાં ન જોડવા ખેડૂતોએ કહ્યું હતું. કોંગ્રેસનું તો અસ્તિત્વ જ પુરુ થઈ ગયું છે. પ્રજા સાથેનો સંપર્ક કોંગ્રેસે ગુમાવ્યો છે કોંગ્રેસ ખેડૂતોને ભડકાવે છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યું કે, મોદી સરકાર સામે દેખાડો કરવા માટે અને ખેડૂતોને ભડકાવવા માટે આ પ્રકારનું આંદોલન કરવામાં આવી રહ્યું છે. મોદી સરકારે MSPના આધારે ખરીદી કરી છે.

### વડાપ્રધાને આગ્રા મેટ્રો પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું

## કોરોના વેક્સીન ટૂંક સમયમાં આવી જશે, પરંતુ સાવધાની હજુ પણ જરૂરી: મોદી

ન્યુ દિલ્હી,
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે ઉત્તર પ્રદેશના આગ્રામાં મેટ્રો માટે નિર્માણ કાર્યનો શુભારંભ કરાવ્યો. વડાપ્રધાને વર્ચ્યૂલ માધ્યમથી મેટ્રો રેલ પ્રોજેક્ટનો શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે ઉત્તર પ્રદેશની રાજ્યપાલ આનંદીબેન પટેલ, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ તથા કેન્દ્રીય આવાસ અને શહેરી કાર્ય રાજ્યમંત્રી હરદીપ સિંહ સહિત કેન્દ્ર તથા રાજ્ય સરકારના મંત્રી અને જનપ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા.




વડાપ્રધાને આ દરમિયાન કરેલા સંબોધનમાં લોકોને અપીલ કરી છે કે તમામ કોરોના સંક્રમણની ગંભીરતાને સમજીને કોઈ ગફલત ન કરે અને તકેદારી રાખે. વડાપ્રધાને આ કાર્યક્રમના માધ્યમથી દેશને વેક્સીન અંગે પણ જાણકારી આપી. કંપની કોરોના વેક્સીનને લઈ વડાપ્રધાન મોદીએ કહ્યું કે, કોરોનાની વેક્સીનની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. તેમાં વધુ વિલંબ થાય એવું લાગતું નથી. સંક્રમણથી સાવધાનીમાં કોઈ કચાસ ન રાખવો જોઈએ. માસ્ક અને બે ગજનું અંતર ખૂબ જરુરી છે.

વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યું કે, આજે શહેરી ગરીબોને પણ મફત સારવાર મળી રહી છે અને મધ્યમ વર્ગને સસ્તી દવાઓ મળી રહી છે. સસ્તી સર્જરી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. સરકારના પ્રયાસોથી વીજળીથી લઈને મોબાઈલ ફોન સુધી તેના પર ખર્ચ ઘણો ઘટ્યો છે.

આજે લારી-ગલ્લા ચલાવનારા લોકોથી માંડીને ગરીબ અને મધ્યમવર્ગના કલ્યાણ માટેની યોજનાઓ ખરેખર અમલમાં મુકી શકાઈ છે અને આ જ તો સબ કા સાથ ..સબ કા વિશ્વાસની વ્યાખ્યા છે.છેલ્લા કેટલાક સમયથી જે સુધારા થઈ રહ્યા છે તેનાથી દેશમાં નવો આત્મ વિશ્વાસ આવ્યો છે.

પીએમ મોદીએ કહ્યુ હતુ કે, જો તમે ધ્યાનથી જોશો તો તમને પણ સરકાર જે કામ કરી રહી છે તેનાથી સંતોષ થશે.તમારી અંદર પણ નવો વિશ્વાસ આવશે અને દરેક ચૂંટણીમાં લોકોનો વિશ્વાસ જોવા પણ મળી રહ્યો છે.બે દિવસ પહેલા જ હૈદ્રાબાદના ગરીબ અને મધ્યમવર્ગના લોકોએ સરકારના પ્રયાસોને આશીર્વાદ આપ્યા છે.તમારો સાથ અને સમર્થનના કારણે મને નવા નવા વિચારોને અમલમાં મુકવાની હિંમત મળી રહી છે.

## છેલ્લા ૧૮ દિવસમાં ૧૫ વખત પેટ્રોલ-ડીઝલના ભાવ વધ્યા




ન્યુ દિલ્હી,
જાહેર ક્ષેત્રની ઓઈલ કંપનીઓએ છેલ્લા ૧૮ દિવસમાં, એટલે કે ૨૦નવેમ્બરથી ૭ડિસેમ્બર સુધીમાં ૧૫ વખત પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો કર્યો છે. ૧૫ વખત કરવામાં આવેલા આ ભાવવધારાને લીધે ડીઝલ રૂપિયા ૩.૪૧ અને પેટ્રોલ આશરે રૂપિયા ૨.૫૫ સુધી મોંઘાં થયાં છે. ડિસેમ્બર મહિનામાં અત્યારસુધીમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં અનુક્રમે ૬ વખત વધારો થયો છે. એને પગલે ડિસેમ્બર મહિનામાં પેટ્રોલ રૂપિયા ૧.૩૭ અને ડીઝલ રૂપિયા ૧.૪૫ મોંઘાં થયાં છે. ગુજરાતની વાત કરીએ તો છેલ્લા ૧૪ દિવસમાં પેટ્રોલનો ભાવ લિટરદીઠ રૂપિયા ૩.૬૦ વધી રૂપિયા ૮૧.૧૬ અને ડીઝલનો ભાવ લિટરદીઠ રૂપિયા ૨.૭૧ વધી રૂપિયા ૭૯.૬૦ થયો છે. દિલ્હીમાં ૮ વર્ષ અગાઉ એટલે કે જૂન ૨૦૧૨માં લિટરદીઠ પેટ્રોલનો ભાવ રૂપિયા ૭૧ અને ડીઝલનો ભાવ રૂપિયા ૪૧ હતો, એટલે કે પેટ્રોલની તુલનામાં ડીઝલ રૂપિયા ૩૦ સસ્તું હતું, જ્યારે મુંબઈમાં જૂન, ૨૦૧૨માં આ તફાવત રૂપિયા ૩૨ હતો. એ સમયે પેટ્રોલ રૂપિયા ૭૬ અને ડીઝલ લિટરદીઠ રૂપિયા ૪૫ હતો. જોકે હવે ડીઝલ અને પેટ્રોલની કિંમત વચ્ચેનું અંતર રૂપિયા ૧૦ પણ રહ્યું નથી. અત્યારે દિલ્હીમાં પેટ્રોલ રૂપિયા ૮૩.૭૧ પ્રતિ લિટર ભાવથી વેચાય છે, જ્યારે મુંબઈમાં અત્યારે પેટ્રોલ અને ડીઝલ અનુક્રમે રૂપિયા ૯૦.૩૪ અને રૂપિયા ૮૦.૫૧ પ્રતિ લિટરની કિંમતથી વેચાય છે.

## કોરોનાની મહામારી પણ ભ્રષ્ટાચારનુ સાધન, કેન્દ્ર સરકારને ૪૦૦૦૦ ફરિયાદો મળી

ન્યુ દિલ્હી,
ભારતમાં ભ્રષ્ટાચારના મૂળિયા સરકારી સિસ્ટમમાં એટલે ઉંડે સુધી ઘુસી ગયા છે કે, તેને દૂર કરવાનુ કામ અઘરુ થઈ પડ્યુ છે.

ભારતના ભ્રષ્ટાચારી સરકારી અધિકારીઓ અને કર્મચારીઓએ લોકોના જીવ લેનાર કોરોના મહામારીને પણ ભ્રષ્ટાચાર કરવાનુ સાધન બનાવી દીધુ છે. એક અખબારના અહેવાલ પ્રમાણે એપ્રિલ મહિનામાં સરકારે કોરોના માટેનુ એક અલગ વોર્ટલ બનાવ્યુ હતુ.આ પોર્ટલમાં કોરોના સાથેના ભ્રષ્ટાચારને જોડાયેલી ૪૦૦૦૦ જેટલી ફરિયાદો વડાપ્રધાન કાર્યાલયને મળી છે.

આ પોર્ટલ પર કુલ મળીને ૧.૬૭ લાખ જેટલી ફરિયાદ થઈ હતી.જેમાં થી સરકારે ૧.૫૦ લાખ જેટલી ફરિયાદોને હાથ પર લીધી હતી.મોટાભાગની ફરિયાદો લાંચ, સરકારી અધિકારીઓ દ્વારા થતા ગોટાળા અને શોષણની હતી.અધિકારીએ કહ્યુ હતુ કે, જેમાં ૪૦૦૦૦ જેટલી ફરિયાદો તો કોરોના સાથે જોડાયેલી હતી.અધિકારીએ કહ્યુ હતુ કે, પીએમ ઓફિસ તરફથી પણ આ અંગેનો ડેટા માંગવામાં આવ્યો હતો અને પીએમ મોદીએ પોતે ફરિયાદ કરનાર વ્યક્તિઓ, તેને હલ કરવા માટેની પ્રક્રિયા અંગે જામકારી માંગી હતી.

કોરોનાને લગતી જે ફરિયાદો આવી છે તેમાં હોસ્પિટલોમાં અપૂરતી સુવિધાઓ, પીએમ કેરમાં ડોનેશન આપવામાં નડતી સમસ્યા, સપ્લાયનો અભાવ, તાળાબંધી સહિતના વિવિધ મુદ્દાને લગતી હતી.

## પાંચ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવનારાને GSTમાં રાહત

ન્યુ દિલ્હી,
સરકારે જીએસટી યંત્રણા હેઠળ નાના કરદાતાઓ માટે ક્વાર્ટરલી રિટર્ન ફાઈલિંગ ઍન્ડ મન્થલી પૅમેન્ટ ઑફ ટૅક્સિસ (ક્યૂઆરએમપી) યોજના શરૂ કરી છે. આ યોજના અંતર્ગત જે કરદાતાનું સરેરાશ વાર્ષિક ટર્નઓવર પાંચ કરોડ રૂપિયા કરતા ઓછું હોય અને જેમણે ઑક્ટોબરનું જીએસટીઆર-૩બી રિટર્ન ૩૦ નવેમ્બર સુધીમાં ભરી દીધું હોય તેઓ આ યોજનાના લાભ માટે પાત્ર હશે. પાંચ ઑક્ટોબરે યોજાયેલી બેઠકમાં જીએસટી કાઉન્સિલે કહ્યું

(અનુ.પાના.નં.૨)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી રામપુર (ક) અર્થ સેવા સહ. મંડળી
મુ. માતરીયા વેજમા, તા. મોરવા(હ)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

વંદેલી દૂધ ઉ.સહ. મંડળી લી.
મુ. વંદેલી, તા. મોરવા(હ)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પરીખ પી. આર.
લુણાવાડા

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં આજે ૦૯ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૧૭૮૮ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, કડાણા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૧ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૭-૧૨-૨૦૨૦ના સાંજના ૫-૩૦ વાગ્યા સુધીમાં ૧૭૮૮ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૬ સ્ત્રી, ૦૪ પુરૂષ, ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૪ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૫૯૭ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૫ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૯૩૫૪૦ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૫૯ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૨૦ દર્દી ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ, લુણાવાડા, ૧૧૧ દર્દી હોમ આઇસોલેશન, ૦૪ દર્દી લુણાવાડા (CCC), ૦૩ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૧૦ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૩૮ દર્દીઓ સ્ટેબલ, ૦૯ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૧ દર્દી વેન્ટીલેટર પર છે.


# વિરપુરમાં માસ્ક વગર ફરતી વ્યકિતઓ પાસેથી રૂા.૫૧૦૦નો દંડ વસુલ કરાયો



લુણાવાડા, કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે જિલ્લા કલેકટર આર.બી બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા આયુર્વેદિક અધિકારીની રાહબરી હેઠળ આયુષ મંત્રાલયના દિશા નિર્દેશ પ્રમાણે જિલ્લા-તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધીના આરોગ્યના કર્મીઓ સતત અવિરતપણે પોતાની ફરજો અદા કરી રહ્યા છે.

આમ છતાં પણ હજુ નાગરિકો તેને ગંભીરતાથી નથી લઈ રહ્યા અને સરકારની ગાઇડલાઇન તેમજ જિલ્લા વહીવટીતંત્ર તરફથી માસ્ક પહેર્યા વગર બહાર ન નીકળવા વારંવાર જણાવવામાં અને સમજાવવામાં આવતું હોવા છતાં પણ હજુ પણ ઘણા નાગરિકો ઘરની બહાર નીકળતા સમયે માસ્ક પહેર્યા વગર ઘરની બહાર નીકળતા હોય છે. જેના કારણે તેઓ પોતે પોતાને તો જોખમમાં મૂકે છે પણ સાથે સાથે અન્યત નાગરિકો માટે સંકટ પેદા કરતા હોય છે. આવા માસ્ક પહેર્યા વગર નીકળતી વ્યકિતઓ ફરીથી માસ્કા પહેર્યા વગર બહાર ન નીકળે અને કોરોના સંક્રમણને નિયંત્રિત કરી શકાય તે હેતુથી તેમજ નાગરિકોમાં ગંભીરતા આવે અને તેઓમાં જાગૃતિ આવે તે માટે વિરપુર મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, પોલીસ સબ ઈન્સ્પેકટરએ સંયુકત કાર્યવાહી હાથ ધરીને વિરપુર નગરમાં તાજેતરમાં માસ્ક વગર ફરતી વ્યકિતઓ પાસેથી દંડાત્મક કાર્યવાહી કરી રૂા. ૫૧૦૦/-નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. વહીવટીતંત્રએ આ સંયુકત કાર્યવાહી કરીને અન્ય નાગરિકો માસ્કી પહેર્યા વગર ન નીકળે અને નીકળશે તો દંડાત્માક કાર્યવાહીથી બચી નહીં શકો તેવો સંદેશો પણ પાઠવ્યોી હતો.

# ખાનપુર તાલુકાના વિવિધ વિસ્તારોમાં આરોગ્ય લક્ષી કામગીરી તથા કન્ટેનમેન્ટ એરિયાની મુલાકાત કરવામાં આવી



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે જિલ્લા કલેકટર આર.બી બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા આયુર્વેદિક અધિકારીની રાહબરી હેઠળ આયુષ મંત્રાલયના દિશા નિર્દેશ પ્રમાણે જિલ્લા-તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધીના આરોગ્યના કર્મીઓ સતત અવિરતપણે પોતાની ફરજો અદા કરી રહ્યા છે. કોરોનાની આ મહામારીના સમયમાં પણ આરોગ્ય કર્મચારીઓ નાગરિકોના કોરોનાની સારવારની સાથોસાથ વિવિધ આરોગ્યલક્ષી કામગીરી કરી રહ્યા છે. તદ્દઅનુસાર ખાનપુર તાલુકાના લીંબડિયા ગામે ધન્વંતરી રથના માધ્યમથી આરોગ્યની ટીમ દ્વારા ઘરે-ઘરે ફરીને તેમજ ઈસરોડા ગામે કન્ટેનમેન્ટ એરિયાની મુલાકાત લઈ આરોગ્યની ચકાસણી કરવામાં આવી હતી તેમજ રેપીડ ટેસ્ટો કરવામાં આવ્યા હતા. કોરોનાથી રક્ષણ મેળવવા માટેની જરૂરી આરોગ્ય વિષયક જાણકારી આપવા સહિત સલાહ આપવામાં આવી હતી.

જિલ્લા કલેકટર આર. બી. બારડે આ ગામોની મુલાકાત લઈ આરોગ્યલક્ષી કામગીરીનું નિરીક્ષણ કરી જરૂરી સૂચનાઓ આપી હતી. આ ઉપરાંત કલેકટર એ જિલ્લામાં ચાલી રહેલ મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમની કામગીરીનું પણ નિરીક્ષણ કરી જરૂરી માર્ગદર્શન આપ્યુંત હતું.

આ ઉપરાંત આરોગ્ય ટીમ દ્વારા તમામને સરકાર અને જિલ્લા વહીવટીતંત્ર તરફથી આપવામાં આવી રહેલ સુચનાઓનું પાલન કરવા તથા કામ વગર ઘરની બહાર ન નીકળવા અને કોરોનાના સંક્રમણને ફેલાતો અટકાવી શકાય તે માટે તમામને માસ્ક પહેર્યા વગર ઘરની બહાર ન નીકળવા, સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરવા અને વારંવાર સાબુ/સેનેટાઇઝરથી હાથ ધોવા અંગે સમજ આપી સરકારની વિવિધ સુચનાઓનું પાલન કરવા પણ જણાવ્યું હતું. આમ, આરોગ્ય કર્મીઓ જિલ્લાના નાગરિકોની તંદુરસ્તી અને સ્વાથ્ય જળવાઇ રહે તે માટેની કામગીરી કરવામાં આવી રહી છે.

# ચાંપલી ગામે આરોગ્ય ટીમ દ્વારા નગરના વિવિધ વિસ્તારોમાં આરોગ્ય લક્ષી કામગીરી

લુણાવાડા, કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે જિલ્લા કલેકટર આર.બી બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા આયુર્વેદિક અધિકારીની રાહબરી હેઠળ આયુષ મંત્રાલયના દિશા નિર્દેશ પ્રમાણે જિલ્લા- તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધીના આરોગ્યના કર્મીઓ સતત અવિરતપણે પોતાની ફરજો અદા કરી રહ્યા છે.

કોરોનાની આ મહામારીના સમયમાં પણ આરોગ્યર કર્મચારીઓ નાગરિકોના કોરોનાની સારવારની સાથોસાથ વિવિધ આરોગ્યલક્ષી કામગીરી કરી રહ્યા છે. તદ્દઅનુસાર ચાંપલી ગામે આરોગ્યની ટીમ દ્વારા ઘરે-ઘરે ફરીને મુલાકાત લઈ નાગરિકોની રોગપ્રતિકારક શકિતમાં વધારો થાય તે હેતુસર આયુર્વેદિક ઉકાળા તેમજ હોમિયોપેથીક દવા આર્સેનિક આલ્બિમની ગોળીઓનું વિતરણ કરવામાં આવ્યુંત હતું તેમજ કોરોનાથી રક્ષણ મેળવવા માટેની જરૂરી આરોગ્ય વિષયક જાણકારી આપવા સહિત સલાહ આપવામાં આવી હતી.

આ ઉપરાંત આરોગ્ય ટીમ દ્વારા તમામને સરકાર અને જિલ્લા વહીવટીતંત્ર તરફથી આપવામાં આવી રહેલ સુચનાઓનું પાલન કરવા તથા કામ વગર ઘરની બહાર ન નીકળવા અને કોરોનાના સંક્રમણને ફેલાતો અટકાવી શકાય તે માટે તમામને માસ્ક પહેર્યા વગર ઘરની બહાર ન નીકળવા, સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરવા અને વારંવાર સાબુ/સેનેટાઇઝરથી હાથ ધોવા અંગે સમજ આપી સરકારની વિવિધ સુચનાઓનું પાલન કરવા પણ જણાવ્યું હતું. આમ, આરોગ્ય કર્મીઓ જિલ્લાના નાગરિકોની તંદુરસ્તી અને સ્વાસ્થ્ય પણ જળવાઈ રહે તે માટેની કામગીરી કરવામાં આવી રહી છે.

(પાન નં.૧ નું ચાલુ)

## બંધના નામે કાયદો હાથમાં.....

પ્રત્યે ઉદાસીનતા બતાવશો નહીં. સુપ્રીમ કોર્ટે સોલિસિટર જનરલને પોતાની વાત રજૂ કરવા ૫ મિનિટનો સમય આપ્યો હતો. કોર્ટે કહ્યું કે પાંચ મિનિટમાં જવાબ આપો અથવા અમે આદેશ આપીશું. આ પછી સોલિસિટર જનરલે કહ્યું કે માત્ર શિલાન્યાસ કરવામાં આવશે. કોઈ પણ પ્રકારનું નિર્માણ કે તોડફોડ કરવામાં આવશે નહીં. વૃક્ષો કાપશે નહીં.

૧૦ ડિસેમ્બરે પ્રધાનમંત્રી નરેન્દ્રમોદીના વરદ હસ્તે નવા સંસદ ભવનનો શિલાન્યાસ કરવામાં આવનાર છે. ૫ નવેમ્બરના રોજ સુપ્રીમ કોર્ટે પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને કહ્યું હતું કે ૨૦ હજાર કરોડ રૂપિયાના સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ પૈસાનો બગાડ નથી, પરંતુ તેનાથી પૈસાની બચત થશે. આ પ્રોજેક્ટથી વાર્ષિક આશરે એક હજાર કરોડ રૂપિયાની બચત થશે, જે હાલમાં દસ બિલ્ડિંગોમાં ચાલતા મંત્રાલયોના ભાડા પાછળ ખર્ચવામાં આવે છે. ઉપરાંત, આ પ્રોજેક્ટ સાથે મંત્રાલયો વચ્ચે સંકલન પણ સુધરશે.

## પાંચ કરોડ સુધીનું ટર્નઓવર.....

હતું કે રજિસ્ટર્ડ કંપની કે વ્યક્તિ જે સરેરાશ વાર્ષિક પાંચ કરોડ જેટલું ટર્નઓવર ધરાવતી હશે તેમને પહેલી જાન્યુઆરી ૨૦૨૧થી માસિક ધોરણે કર ચૂકવવાની તેમ જ ત્રિમાસિક ધોરણે રિટર્ન ફાઈલ કરવાની પરવાનગી આપવામાં આવી શકે છે. પાંચ ડિસેમ્બરથી શરૂ કરવામાં આવેલી ક્યૂઆરએમપી યોજના પાંચ કરોડ રૂપિયા કરતા ઓછું ટર્નઓવર ધરાવતા કરદાતાઓ જાન્યુઆરીથી માર્ચના પ્રથમ ત્રિમાસિક ગાળા માટે રિટર્ન ફાઈલ કરવા જીએસટીઆર-૧ અને જીએસટીઆર-૩બીનો વિકલ્પ અપનાવી શકે છે. કરદાતાઓ સેલ્ફ ઍસેસમેન્ટ કે પછી ત્રિમાસિક માટે અગાઉ ફાઈલ કરેલા જીએસટીઆર-૩બીની નૅટ રોકડ જવાબદારીના ૩૫ ટકા પ્રમાણે ચલાન મારફતે દર મહિને જીએસટીની ચુકવણી કરી શકશે. કરદાતાઓ એસએમએસ મારફતે પણ ત્રિમાસિક જીએસટીઆર-૧ અને જીએસટીઆર-૩બી ફાઈલ કરી શકાશે.

# અમદાવાદમાં માસ્ક વિના ફરતા શહેરીજનો પાસેથી ૫ દિવસમાં ૯૭.૭૩ લાખનો દંડ વસૂલાયો

અમદાવાદ, રાજ્યમાં કોરોના સંક્રમિતોની સંખ્યા વધવાની ગુજરાત હાઈકોર્ટે પણ નોંધ લીધી હતી. જે બાદ હાઈકોર્ટે માસ્ક પહેર્યા વિના ફરતા લોકો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની સૂચના આપી હતી. જ્યાં સુધી વૅક્સીન ના શોધાય, ત્યાં સુધી માસ્ક જ કોરોનાથી બચવાનો એકમાત્ર ઉપાય હોવા છતાં અમદાવાદી બેદરકારી દાખવી રહ્યાં છે. જેના પરિણામે સંક્રમણ ફેલાવાનું જોખમ વધી રહ્યું છે.

અમદાવાદ પોલીસે છેલ્લા ૫ દિવસમાં ૯૭૭૩ જેટલા લોકો માસ્ક વિના પકડાયા હતા. જેમની પાસેથી ૯૭.૭૩ લાખ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. અમદાવાદના પૂર્વ વિસ્તારના લોકો માસ્ક પહેરવાને ગંભીરતાથી નથી લઈ રહ્યાં. માસ્ક વિના ફરતા લોકોને ઝડપી પાડવા માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓને કડક આદેશ છે.

દિવાળીના તહેવાર બાદ ગુજરાતમાં કોરોના બેકાબૂ બન્યો છે. કોરોનાનું સંક્રમણ ફેલાતુ અટકાવવા માટે જરૂરી પગલા લેવા માટે તમામ પોલીસ અધિકારીઓને વિશેષ સૂચના આપવામાં આવી છે. જેમાં તમામ પોલીસ અધિકારીઓને માસ્ક પહેરવા, સેનેટાઈઝેશન અને સોશિયલ ડિસ્ટન્સના પાલન સહિત કોવિડ ગાઈડલાઈનનું પાલન કરાવવા માટે ખાસ સૂચના આપી હતી. ખાસ કરીને રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ, એરપોર્ટ અને શાક માર્કેટમાં પોલીસ પોઈન્ટ ઉભા કરવાનો આદેશ આપ્યો હતો.

# સીરમ ઈન્સ્ટીટ્યુટે દેશમાં 'કોવિશીલ્ડ' વેક્સીનના ઈમરજન્સી ઉપયોગની મંજૂરી માગી

ન્યુ દિલ્હી, સીરમ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયાએ રવિવારે ભારતમાં ઓક્સફર્ડની કોવિડ-૧૯ વેક્સીન 'કોવિશીલ્ડ'ના ઈમરજન્સી ઉપયોગની ઔપચારિક મંજૂરી પ્રાપ્ત કરવા માટે ડીસીજીઆઇ સમક્ષ અરજી કરી છે. આ સાથે જ તે આમ કરનારી પહેલી સ્વદેશી કંપની બની ગઈ છે. આ પહેલા અમેરિકન કંપનીએ પીફાઈઝરની કોરોના વેક્સીનના ઈમરજન્સી ઉપયોગ માટે ભારત સરકારને અરજી કરી હતી.

આ ખબરને લઈને સીરમ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડિયાના સીઈઓ અદાર પૂનાવાલાએ ટ્વીટ કરીને જાણકારી આપતા કહ્યું કે, જેવું કે પ્રોમીસ કર્યું હતું. ૨૦૨૦ના અંત પહેલા, સીરમ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયાએ પહેલી મેડ-ઈન-ઈન્ડિયા વેક્સીન, 'કોવિશિલ્ડ'ના ઈમરજન્સી ઉપયોગની મંજૂરી માટે અરજી કરી છે. તેનાથી સૈંકડો જીવન બચશે, અને હું અમૂલ્ય સહયોગ માટે ભારત સરકાર અને શ્રી નરેન્દ્ર મોદીજીનો આભાર વ્યક્ત કરું છું.

દુનિયાની સૌથી મોટી વેક્સીન નિર્માતા સીરમ ઈન્સ્ટીટ્યૂટ અનુસાર એસ્ટ્રાજેનેકાની વેક્સીન કોવિશીલ્ડ માટે ૨-૮ ડિગ્રી તાપમાનની જરૂર હોય છે. સાથે જ ભારતમાં તેનું વિતરણ પણ સરળ છે.

આ વેક્સીનને મંજૂરી માટે ઈન્સ્ટીટ્યૂટે ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા પાસે અરજી કરી છે. આ અરજીમાં વેક્સીનના ચાર ક્લિનિકલ અભ્યાસનો ઉલ્લેખ કરાયો છે. તેમાંથી બે બ્રિટન, એક બ્રાઝિલ અને એક ભારતમાં કરાયો છે. આ અભ્યાસ બાદ સકારાત્મક પરિણામ સામે આવ્યા છે જે મુજબ, કોવિશીલ્ડમાં કોરોના વાયરસના સંક્રમણથી બચાવવાની પૂરી ક્ષમતા છે. આ પહેલા શનિવારે પીફાઈઝરએ પણ ભારતમાં વેક્સીન માટે મંજૂરી માગી હતી. બ્રિટનમાં આ જ અઠવાડિયે વેક્સીન પ્રોગ્રામ શરૂ કરવામાં આવશે.

સીરમે ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ સાથે મળીને કોવિશીલ્ડની ત્રીજા તબક્કાની ક્લીનીકલ ટ્રાયલ દેશભરમાં કરી હતી. આ વેક્સિને સિનિયર સિટિઝન્સમાં અને ખાસ તો કોવિડ ૧૯ના દર્દીઓમાં સારી અસર કરી હતી. અત્યાર સુધીમાં સીરમે કરેલી ચાર ટ્રાયલમાં બે બ્રિટનમાં અને એક એક ભારત તથા બ્રાઝિલમાં કરી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨, વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા. ૦૮-૧૨-૨૦૨૦, મંગળવાર, નિજ કારતક વદ-૮, સૂર્યોદય-૭-૧૫, સૂર્યાસ્ત-૬-૦૧, જૈન નવકારશી-૮-૦૦, આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્ર: પૂર્વા ફાલ્ગુની

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત ૧૨-૧૭થી ૧૩-૦૦, ૯-૫૭થી ચલ-લાભ-અમૃત-૧૩-૫૯ સુધી, ૧૫-૨૧થી શુભ-૧૬-૪૧ સુધી, ૧૯-૪૧થી લાભ-૨૧-૨૧ સુધી, ૨૨-૫૯થી શુભ-૨૪-૩૯ સુધી<br><br>- શુભ હોરા-<br>૯-૦૪ થી ૧૧-૪૫ સુધી, ૧૨-૩૯થી ૧૩-૩૩ સુધી, ૧૫-૨૧થી ૧૮-૦૨ સુધી, ૧૯-૦૮થી ૨૦-૧૪ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૦૮.૧૨.૨૦૨૦ મંગળવાર

મેષ(અ.લ.ઈ.) :- મહત્વના કાર્યમાં અનુકુળતા રહેવાની નવી ઓળખાણ બાબત જાળવવું કર્જમાં રાહત રહે.

વૃષભ(બ.વ.ઉ.) :- સામાજીક કાર્યોમાં સ્નેહીજનોની મદદ મલવાની છે નોકરીમાં ચીવટ રાખવી ધાર્મિક કાર્યની રૂચીમાં વધારો થાય.

મિથુન(ક.છ.ઘ.) :- વડીલોનું માર્ગદર્શન ઉપયોગી રહેવાનું પ્રવાસ લાભદાયક રહેશે આર્થિક સમસ્યાઓ દૂર થવાની.

કર્ક(ડ.હ.) :- સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થવાનો લાગણીઓને કાબુમાં રાખજો રચનાત્મક કાર્યમાં સફળતા.

સિંહ(મ.ટ.) :- અચાનક કોઈ નાણાકીય લાભ મલે મિલ્કતના પ્રશ્નોમાં ધીરજ રાખવી. આધ્યાત્મિક વિચારો અપનાવવા.

કન્યા(પ.ઠ.ણ.) :- આવકની સાથે ખર્ચ પણ રહેવાનો છે રહેણાકના મકાનમાં લકઝરી ફેરફારોની ઈચ્છા ફળવાની.

તુલા(ર.ત.) :- તમારૂ અજ્ઞાન છુપાવવા બીજાની ટીકા કરવાથી દૂર રહેજો અધિકારીઓ સાથે મતભેદો ટાળજો કર્જમાં રાહત રહે.

વૃશ્ચિક(ન.ય.) :- સંતાનોની પ્રગતિ માટે ઉત્તમ દિવસ રહેવાનો મિલ્કતના પ્રશ્નોમાં ઉતાવળ ન કરવી પ્રવાસમાં અનુકુળતા રહે.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થાય. મહત્વના કાર્યો હાથ ઉપર આવે. કાનૂની પ્રશ્નોથી દૂર રહેજો.

મકર(ખ.જ.) :- સામાજીક કાર્યોમાં સફળતા મલવાની વિદેશના પ્રવાસનું આયોજન થાય. કાર્યક્ષેત્ર વધારવાની ઈચ્છા ફળવાની.

કુંભ(ગ.શ.સ.) :- વાંચન પ્રત્યે રૂચી વધારજો. થોડી ધીરજ કેળવવી ગેબી શકિતની મદદ મલે. ઓફિસમાં લકઝરી ફેરફારો થાય.

મીન(દ.ચ.ઝ.) :- આવક કર્તા ખર્ચ ન વધે તેનું ધ્યાન તમારે રાખવાનું છે આળસવૃતિ ટાળજો સીઝનલ ધંધામાં લાભ રહેશે.

### દેશમાં એક દિવસમાં ૩૨ હજારથી વધુ કોરોના કેસ, વિશ્વમાં કુલ ૬.૭૩ કરોડ કેસ

# કોરોના મામલે ભારતને મોટી સફળતા મળી, રિકવરી રેટ ૯૪.૪૫% પર પહોંચ્યો



ન્યુ દિલ્હી, વિશ્વભરમાં કોરોનાના પ્રકોપ વચ્ચે ભારત આ મહામારી સામેનો જંગ જીતો રહ્યું છે. અત્યાર સુધી દેશમાં ૯૬ લાખથી વધુ કેસોમાંથી ૯૧ લાખથી વધુ દર્દી સાજા થઇ ગયા છે. જ્યારે વિશ્વમાં કોરોનાના કેસો વધીને ૬.૭૩ કરોડ થઇ ગયા છે અને મૃત્યુઆંક ૧૫ લાખથી વધુ છે. જ્યારે ૪.૬૫ કરોડ લોકો રિકવર પણ થયા છે જે સારી વાત છે.

વિશ્વમાં કોરોના પ્રભાવિત દેશોમાં અમેરિકા ૧.૫૧ કરોડ સંક્રમિતો સાથે પ્રથમ ક્રમે છે. અહીં ૨.૮૮ લોકોના કોરોનાથી મોત થઇ ગયા છે. કોરોનાના કેસોના મામલે ભારત વિશ્વમાં બીજા સ્થાને છે. દેશમાં કોરોના કેસ વધીને ૯૬.૭૭ લાખ થયા છે. અલબત્ત ૯૧.૩૯ લાખ દર્દી સાજા થઇ ગયા છે. અત્યારે દેશમાં માત્ર ૪ લાખથી ઓછા કોરોના દર્દીઓની સારવાર ચાલી રહી છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય મુજબ એક દિવસમાં ૩૨,૯૮૧ કેસ મળ્યા. તેની સાથે કેસોની સંખ્યા ૯૬,૭૭,૨૦૩ ગયા છે. જ્યારે એક દિવસમાં દેશમાં ૩૯૧ લોકોનાં મોત નીપજ્યાં. તેથી સાથે કોરોના મૃત્યુઆંક ૧,૪૦,૫૭૩ થયો છે. આંકડા મુજબ હાલમાં ૩,૯૬,૭૨૯ દર્દીની સારવાર ચાલી રહી છે. જે આંકડો ૪.૧૦ ટકા છે. આંકડા મુજબ ૯૧,૩૯,૯૦૧ લોકો સાજા થવાની સાથે દેશમાં રિકવરી રેટ ૯૪.૪૫ ટકા છે. જ્યારે કોવિડ-૧૯નો મૃત્યુદર દેશમાં ૧.૪૫ ટકા છે. ભારતમાં ૭ ઓગસ્ટે સંક્રમિતોની સંખ્યા ૨૦ લાખ, ૨૩ ઓગસ્ટે ૩૦ લાખ અને ૫ સપ્ટેમ્બરે ૪૦ લાખને પાર પહોંચી ગઈ હતી.

જ્યારે દેશમાં ૧૬ સપ્ટેમ્બરે કોરોનાના કુલ કેસ ૫૦ લાખને પાર થઈ ગયા હતા. ૨૮ સપ્ટેમ્બરે ૬૦ લાખ, ૧૧ ઓક્ટોબરે ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરે ૮૦ લાખ અને ૨૦ નવેમ્બરે ૯૦ લાખથી વધુ કોરોના કેસ થયા હતા. હવે આવતા સપ્તાહે આ આંકડો એક કરોડને પાર પહોંચવાની સંભાવના છે. કોરોનાગ્રસ્ત દેશોમાં બ્રાઝીલ, રશિયા, ફ્રાન્સ ઈટાલી અનુક્રમે ત્રીજા, ચોથા અને પાંચમા અને છઠ્ઠા ક્રમે છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બને તે રીતે મુસાફરોની હેરાફેરી કરનારા બસ સંચાલકો સામે તંત્ર લાચાર

દાહોદ,

દિવાળીના તહેવારો બાદ ઠંડીના વધેલા પ્રમાણની વચ્ચે દાહોદ જિલ્લામાં કોરોનાનું સંક્રમણ દિન-પ્રતિદિન વધતા એક્શનમાં આવેલ તંત્રે સરકારી ગાઈડ લાઈનનું તથા એસએમએસના નિયમનું ચુસ્ત પાલન કરવા માટે પ્રચાર અને પ્રસાર માધ્યમ દ્વારા જનતાને અપીલ કરવાનું ચાલુ કર્યું હતું. તેવા સમયે સરકારી ગાઈડ લાઈન મુજબ એસટી બસો તેમજ ખાનગી બસોમાં પેસેન્જરો બેસાડવાનું જણાવાયુ હોવા છતા ખાનગી બસવાળાઓ સરકારી ગાઈડલાઈન તથા એસએમએસના નિયમની ઐસી-તૈસી કરી બસમાં અંદર તો ઠીક પણ બસના છાપરા ઉપર પણ માસ્ક વગરના પેસેન્જરો બેસાડતા જોવા મળી રહ્યા છે. તે ખરેખર પોલીસ તંત્રનું પાંગળા પણુ છતુ કરી રહ્યા છે. ગુજરાત રાજ્યમાં કોરોના સંક્રમણને રોકવા માટે રાજ્ય સરકાર દ્વારા ગત દિવસોમાં ઘણા દિવસો સુધી રાજ્યમાં એસટી સેવાઓ બંધ કરી દેવામાં આવી હતી અને ત્યાર બાદ સરકારી ગાઈડ લાઈન તથા એસએમએસના નિયમના ચુસ્ત પાલનની સરતે પુનઃ એસટી સેવા ચાલુ કરવામાં આવી હતી અને હાલ પણ મોટાભાગની એસટી બસોમાં સરકારની ગાઈડ લાઈન તથા એસએમએસના નિયમનુ સખ્તાઈથી પાલન કરવામાં આવી રહ્યું છે. જ્યારે ખાનગી બસો તથા અન્ય ખાનગી વાહનોમાં તો સરકારની ગાઈડ લાઈન તથા એસએમએસના નિયમનું શરૂઆતથી જ કોઈ પાલન કરવામા ના આવતા હાલ ખાનગી બસોમા ખીચોખીચ પેસેન્જરો બેસાડી ખાનગી બસ વાળાઓ કોરોનાને સામે ચાલીને આમંત્ર આપી રહ્યા છે. દાહોદ જિલ્લામાં કોરોના સંક્રમણમા દિન-પ્રતિદિન વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે એસટી વિભાગ દ્વારા તો સરકારની ગાઈડ લાઈન તથા એસએમએસના નિયમનું પાલન કરવામાં આવી રહ્યું છે. તેવા સમયે દાહોદ જિલ્લામાં ખાનગી બસવાળાઓ પોતાના વાહનમાં ખીચોખીચ પેસેન્જર ભરે છે તે કેટલા અંશે ઉચિત ગણાય આવી છાપરા ઉપર પણ પેસેન્જરો બેસાડી ગામના રાજમાર્ગો પર ફરજ પરની પોલીસની નજર સામેથી પસાર થઈ રહ્યા છે. ત્યારે માસ્ક વિના ફરતા લોકો પાસેથી દંડ વસુલવામાં કડકાઈ દાખવતી દાહોદ પોલીસ આ મામલે ચુપ કેમ ? જો દાહોદમાં કોરોના સંક્રમણને ફેલાતુ રોકવુ હોય તો આ મામલે પોલીસે લાલ આંખ કરવાની તાતી જરૂર છે. હાલ પણ દાહોદમાં મુસાફરોની હેરાફેરી કરતા ખાનગી વાહનો તથા રીક્ષાઓમાં પણ સરકારી ગાઈડ લાઈનનું રોજેરોજ વસ્ત્રાહરણ થતુ જોવા મળી રહ્યું છે. દાહોદ શહેરમાં ૮૦ થી ૯૦ ટકા શાકભાજીના પથારાવાળા તથા ૫૦ ટકા દુકાનદારોમાં માસ્ક પહેરવાના મામલે હજી પણ બેદરકારી જોવા મળી રહી છે. તે ખરેખર ચિંતાનો વિષય છે.

## ઝાલોદમાં કોરોના ગાઈડ લાઈનનો ભંગ કરતાં પાંચ દુકાનો સીલ કરાઈ

દાહોદ,

દાહોદ જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી એક્શનમાં આવેલ પાલિકા તંત્ર તેમજ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તાલુકાઓમાં કોરોના ગાઈડલાઈનનો ભંગ કરતાં દુકાનદારો સામે લાલઆંખ કરી સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે ઝાલોદ નગરમાં ગતરોજ એકસાથે પાંચ દુકાનોને સીલ કરી દેવાતાં વેપારી આલમમાં ફફડાટ ફેલાયો છે.

દિવાળી બાદ દાહોદ જિલ્લામાં એકાએક કોરોના સંક્રમણના કેસો કુદકેને ભુસકે વધી રહ્યા છે. અર્બન વિસ્તાર સાથે સાથે ગ્રામીણ વિસ્તારોમાં કોરોનાએ પોતાનો પગ પેસારો કરી દીધો છે. આવા સમયે દુકાનોમાં તેમજ બજારોમાં ભીડ ભાડ નહીં કરવા આરોગ્ય તંત્ર સમેત જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનેકવાર જાહેરનામા બહાર પાડી તેમજ લોકોને જાહેર અપીલ કરી સુચના પણ આપવામાં આવી રહી છે ત્યારે જિલ્લામાં ત્યાર બાદ પણ કોરોના ગાઈડલાઈનનો ભંગ નજરે પડતાં વહીવટી તંત્ર આકરૂ બન્યું છે અને આવા સમયે દાહોદ શહેરમાં ૧૩થી વધુ દુકાનો સીલ પણ કરી દેવામાં આવી હતી ત્યારે ઝાલોદ નગરમાં કોરોનાના કેસોમાં વધારો નોંધાતા લોકોમાં ગભરાટ જોવા મળી રહ્યો છે. કોરોનાના વધતાં કેસો અને સપ્તાહમાં એકવાર વિસ્તારો સેનેટરાઈઝ કરવા માટે રવિવારે તમામ વાણિજ્ય સેવાઓ બંધ રાખવા જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા અપીલ પણ કરવામાં આવી હતી જેમાં ઝાલોદ નગરમાં રવિવારના દિવસે તંત્રની તપાસ દરમ્યાન વધુ પાંચ દુકાનો ખુલ્લી જોવા મળી હતી. આ ખુલ્લી દુકાનો જોતા વેંત તંત્ર દ્વારા આ પાંચેય દુકાનોને સીલ કરી દેવામાં આવી હતી.

## દાહોદ જીલ્લામાં આજરોજ કોરોના ૦૮ પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

છેલ્લા કેટલાક દિવસોથી દાહોદ જિલ્લામાં એકાએક કોરોના સંક્રમણના કેસો વધતા જોવા મળ્યા હતા. ત્યારે આજે ૮ કોરોના સંક્રમણના કેસો સામે આવતા આજે કોરોનાના આંકડામાં ઘટાડો જોવા મળ્યો હતો. આ સાથે આરોગ્ય તંત્રએ પણ રાહતનો દમ લીધો હતો.

આર.ટી.પી.સી.આર.ના ૩૦૪ પૈકી ૦૬ અને ૧૧૦૪ રેપીટ ટેસ્ટ પૈકી ૦૨ મળી આજે ૦૮ કેસો નોંધાયા છે. આ ૦૮ પૈકી દાહોદ અર્બનમાંથી ૦૩, ઝાલોદ અર્બનમાંથી ૦૧, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૧, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૧, લીમખેડામાંથી એક અને ફતેપુરામાંથી એક કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૧૯ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતાં એક્ટીવ કેસની સંખ્યા ૧૬૮ રહેવા પામી છે ત્યારે દાહોદ જિલ્લામાં અત્યાર સુધી કોરોનાથી પોતાનો જીવ ગુમાવનાર ૮૬ લોકોનો સમાવેશ થાય છે. દાહોદ જિલ્લામાં અત્યાર સુધી કોરોનાનો આકડો ૨૩૧૮ રહેવા પામ્યો છે.

## ઈન્દિરા ગાંધી નેશનલ ડીસેબલ પેન્શન યોજના અંતર્ગત ૬૩૨ અને સંત સુરદાસ યોજના અંતર્ગત ૨૬૮૦ લાભાર્થીઓને આવરી લેવાયા

દાહોદ,

દિવ્યાંગ કલ્યાણ યોજનાઓમાં ઈન્દિરા ગાંધી નેશનલ ડીસેબલ પેન્શન યોજના અને સંત સુરદાસ યોજનાનો સમાવેશ થાય છે. જેમાં ઈન્દિરા ગાંધી નેશનલ ડીસેબલ પેન્શન યોજના અંતર્ગત સપ્ટેમ્બર મહિનામાં કુલ ૬૩૨ લાભાર્થીઓને લાભ અપાયો છે. જે માટે કુલ રૂ. ૨૪,૧૩,૭૦૦ ની રકમ ફાળવવામાં આવી હતી. જયારે સંત સુરદાસ યોજના અંતર્ગત સપ્ટેમ્બર મહિનામાં કુલ ૨૬૮૦ લાભાર્થીઓને લાભ અપાયો છે. જે માટે કુલ રૂ. ૯૫,૫૨,૬૦૦ ની રકમ ફાળવવામાં આવી હતી. આ યોજનાઓ અંતર્ગત લાભાર્થીઓના બેન્ક ખાતામાં સીધી જ રકમ જમા થતી હોય સમગ્ર પ્રક્રિયા પારદર્શક બને છે. આ યોજનાઓનો લાભ વધુમાં વધુ લાભાર્થીઓ સુધી પહોંચે તે માટે તાલુકાવાર કેમ્પના આયોજન કરાશે.

## દે.બારીઆ સોશિયલ મીડિયામાં ભ્રષ્ટાચારની પોસ્ટ મુકતા ફોન કરી ધમકી અપાઈ

દાહોદ,

દે.બારીઆ તાલુકાના ટાવર શેરીમાં રહેતા એક વ્યકિતએ ધાનપુરના કોંગ્રેસના નેતાએ સરકારી અનાજનો મોટો જથ્થો સરકારમાં ટેકાના ભાવે વેચવાનુ કૌભાંડ ફેસબુક ઉપર પોસ્ટ મુકતા તેને ફોન કરી ગાળાગાળી કરી અપશબ્દો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપતા ધાનપુરના એક વ્યકિત સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીઆના ટાવર શેરીમાં રહેતા નિલેશભાઈ ફુલસિંગભાઈ ચૌહાણ તા.૧ ડિસેમ્બરના રોજ પત્નિ ગીતાબેન સાથે ઘરે હતા ત્યારે રાત્રિના ૯.૧૫ વાગ્યાના અરસામાં ધાનપુર તાલુકાના લખણાગોજીયાના ભરતભાઈ વાખળાએ તેના મોબાઈલ ફોન નંબરથી નિલેશભાઈને ફોન કરી ગાળો બોલી અપશબ્દો બોલી દાદાગીરી સાથે તામસીપણુ બતાવી જોવા જેવી થશે અને મજા નહિ આવે તુ તારા માપમાં રહેજે તુ ફેસબુક ઉપર પોસ્ટ કેમ મુકી...કહેતા નિલેશભાઈએ જણાવેલ કે એ તો સાચી હકીકત લખેલ છે. જેમાં ધાનપુર તાલુકાના કોંગ્રેસના નેતાએ પોતે ખરીદેલ અનાજનો મોટો જથ્થો સરકારમાં ટેકાના ભાવે વેચવાનુ કૌભાંડ કર્યુ છે. અને સાચા ખેડુતોને અન્યાય થઇ રહેલો છે. જેથી ભરતભાઈ વાખળા કહેવા લાગેલ કે, ભાજપના નેતાનુ નામ લખ અને કોંગ્રેસનો ભ્રષ્ટાચાર દેખાય છે તેમ કહી ગાળો બોલી પરોક્ષ રીતે જાનથી મારવાની ધમકીઓ આપી હતી. નિલેશભાઈ ફુલસિંગભાઈ ચૌહાણે દે.બારીઆ પોલીસ મથકે ભરત વાખળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

## ઝાલોદના ધોળીદાંતી ગામે ફોર વ્હીલમાં લઈ જવાતો ૪૨ હજારનો દારૂ ઝડપાયો

દાહોદ,

ઝાલોદ તાલુકાના ધોળીદાંતી ગામે પોલીસે એક મારૂતી ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂ તથા બીયરનો કુલ રૂા.૪૨,૨૪૦ના પ્રોહી જથ્થા સાથે મારૂતી ગાડી કબજે કર્યાનું જાણવા મળે છે.

ધોળીદાંતી ગામે ગત તા.૦૬ ડિસેમ્બરના રોજ એક મારૂતી ગાડીનો ચાલક પોતાના કબજાની ગાડી લઈ ધોળીદાંતી ગામેથી પસાર થઈ રહ્યો હતો અને તે સમયે પેટ્રોલીંગમાં નીકળેલ પોલીસની ગાડી જોઈ મારૂતી ગાડીનો ચાલક પકડાઈ જવાની બીકે પોતાના કબજાની ગાડી સ્થળ પર મુકી નાસી જતાં પોલીસે સદર ગાડીમાંથી વિદેશી દારૂ તથા બીયરની બોટલો નંગ.૩૩૬ કિંમત રૂા.૪૨,૨૪૦ના પ્રોહી જથ્થા સાથે મારૂતી ગાડી કબજે લઈ ચાલક વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## વડોદરા મનપા વોર્ડ ઓફિસર મહેશ પરનામી વિરુદ્ધ ACBમાં અપ્રમાણસર મિલકતનો ગુનો દાખલ



વડોદરા,

વડોદરા મહાનગરપાલિકાના તત્કાલિન જમીન સંપાદન અધિકારી અને અને હાલ વહીવટી વોર્ડ નં-૧૨ના વોર્ડ ઓફિસર તરીકે ફરજ બજાવતા મહેશ મણીલાલ પરનામી વિરૂદ્ધ વડોદરા એસીબીમાં ૬૯.૯૧ લાખની અપ્રમાણસર મિલકતનો કેસ નોંધાયો છે. વડોદરા મહાનગરપાલિકાના જમીન સંપાદન અધિકારી, વર્ગ-૨ મહેશ મણીલાલ પરનામીએ તેમની આવકની સામે અપ્રમાણિક રીતે ભ્રષ્ટાચારથી કરોડો રૂપિયાની જમીન અને મિલકતો પોતાના અને પરિવારના સભ્યોના નામ ખરીદી હોવાના આક્ષેપો અંગે વડોદરા એસીબીમાં અરજી થઈ હતી. જેના આધારે એસીબીએ મહેશ પરનામીની અપ્રમાણસર મિલકતો અંગે તપાસ શરૂ કરી હતી અને મહેશ પરનામી અને તેમના પરિવારના સભ્યોના મિલકત સંબંધી દસ્તાવેજી પુરાવાઓ, બેંક ખાતાઓ અને વિવિધ સરકારી કચેરીઓમાંથી દસ્તાવેજી માહિતી એકત્રિક કરી હતી. જેના નાણાંકીય વ્યવહારોનું વિશ્લેષણ એસીબીના નાણાંકીય સલાહકાર દ્વારા કરવામાં આવ્યું હતું. મહેશ પરનામીની મિલકતો અને દસ્તાવેજોની તપાસ કરતા તેમની કાયદેસરની આવકના સાધનોમાંથી થયેલી કુલ આવક ૯૦,૮૯,૯૨૧ રૂપિયાની સામે તેઓએ કરેલુ રોકાણ ૧,૬૦,૮૧,૨૨૭ રૂપિયા હતું. આમ તેઓની પાસે ૬૯,૯૧,૩૦૬ રૂપિયાની મિલકતો અપ્રમાણસર હોવાનું જણાઈ આવ્યું હતું. આમ તેમની કાયદેસરની આવકની સરખામણીમાં ૭૯.૫૧ ટકા જેટલી વધુ સંપત્તિ મળી આવી હતી.

# કોરોના કાળમાં શિક્ષણ બંધ છે ત્યારે દે.બારીઆ અને પીપલોદમાં ટ્યુશનની હાટડીઓ ચાલુ

દે.બારીઆ,

પ્રાપ્ત માહિતી અનુસાર સમગ્ર ગુજરાત રાજયમાં છેલ્લા નવ-દસ માસથી કોરોના વાયરસમાં આમ જનતા જેમ તેમ કરી દિવસો પસાર કરી રહી છે. તો કેટલાંય લોકો મોતના શરણ પણ થયા છે. સરકાર દ્વારા જે તે વખતે કોરોના વાયરસનુ સંક્રમણ વધે નહિ તે માટે લોકડાઉનનો ચુસ્ત અમલ પણ કરાયો હતો. બાલમંદિરથી લઈને શાળા-મહાશાળા અને કોલેજો બંધ કરી ઓનલાઈન શિક્ષણ વિદ્યાર્થીઓને આપવા નવી શિક્ષણ નિતી ઘડવામાં આવી છે.

હજુ પણ સરકાર દ્વારા શાળાઓ ખોલવા માટેની કોઈ સુચના કે નવી ગાઈડલાઈન બહાર પાડવામાં આવી નથી. અને ત્યાં બીજી તરફ દે.બારીઆ અને પીપલોદ બજારમાં ટ્યુશન આપતા કેટલાક લોકોએ પોતાની ટ્યુશનની દુકાન પણ શરૂ કરી દીધી છે. વહેલી સવારે દે.બારીઆ અને પીપલોદ બજારમાં ખાનગી ટ્યુશન અભ્યાસ માટે કેટલાક વિદ્યાર્થીઓ ઠંડીમાં ઠુંઠવાતા ગરમ કપડા અને એકાદ ચોપડો લઈને જતા જોવા મળશે. સરકાર પાસે કોઈપણ જાતની પરવાનગી વગર આવા કેટલાંય ટ્યુશન કલાસીલ ચાલુ થઈ ગયા છે. ખાનગીમાં જે શિક્ષકો ટ્યુશન આપી રહ્યા છે તેમની પાસે કોઈ મોટો હોલ હોતો નથી. જેના કારણે ટ્યુશનમાં આવનાર બાળકોમાં સોશિયલ ડિસ્ટન્સ જળવાતુ નથી. અને અધુરામાં પુરૂ કે ત્યાં કોઈ સેનેટાઈઝર પણ મુકવામાં આવતુ નથી. અને આ ટ્યુશન આપનારા શિક્ષકો બાળકોના વાલીઓ પાસેથી ટ્યુશન ફી પણ વધારે ઉઘરાવે છે તેવી માહિતી પણ મળી છે. બાળકોની ઉંચી ટ્યુશન ફી વાલીઓને મોંઘવારીમાં મોંઘી પડતી હોય છે. જેથી તંત્ર દ્વારા આવી ખાનગી શિક્ષણની હાટડીઓ બંધ કરાય તે જરૂરી બન્યુ છે.

## ફતેપુરા તાલુકાના ગામોના સરપંચો અને કોરોના કાળમાં લગ્ન સમારંભોમાં ૧૦૦થી વધુ લોકો ન ભેગા થાય તેની જવાબદારી સોંપી

ફતેપુરા,

ફતેપુરા મામલતદાર કચેરીના સભાખંડમાં તાલુકાના સરપંચો તેમજ મહેસુલ તલાટીઓની મિટીંગ મામલતદાર દ્વારા કરવામાં આવી હતી. જેમાં તાલુકાના મોટી સંખ્યામાં સરપંચો તેમજ મહેસુલ તલાટીઓ હાજર રહ્યા હતા.

મિટીંગમાં કોરોના વાયરસ મતદારી યાદી તેમજ ઓનલાઈન વારસાઈ માટેની વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. હાલમાં દેશ અને દુનિયામાં કોરોના વાયરસના સંક્રમણ ફેલાતો હોય તેમાં ફતેપુરા તાલુકા પણ બાકાત ન હોય ફતેપુરા તાલુકામાં કોરોના વાયરસના સંક્રમણ ઓછામાં ઓછુ ફેલાય તે માટે સરપંચોએ સરકારની ગાઈડલાઈન મુજબ ગામડાઓમાં યોજાતા લગ્નો પ્રસંગે ૧૦૦ માણસોથી વધુ માણસો ભેગા ન થાય તે માટે ધ્યાન રાખવુ તેમજ હાલમાં મતદાર યાદી સુધારણા તેમજ નવીન નામો મતદાર યાદીમાં દાખલ કરવા નામો કમી કરવા નામોમાં સુધારા વધારા કરવા વગેરે કાર્યક્રમો ચાલતા હોય જેની ઉંમર ૧૮ વર્ષ પુર્ણ થતી હોય એવા મતદારો મતદારયાદીમાં નવીન નામો દાખલ કરી શકશે. તેમજ તારીખ ૧૩/૧૨/૨૦૨૦ બી.એલ.ઓ.મતદાન મથક પર હાજર રહી મતદારયાદીમાં સુધારા-વધારા તેમજ નવીન નામો મતદાર યાદીમાં દાખલ કરવા માટેની કાર્યવાહી કરવામાં આવશે. તેમજ વારસાઈ માટે જે તે ગ્રામ પંચાયત કચેરી ઓનલાઈન વારસાઈ થઈ શકે છે. તેની માટેની વિસ્તૃત જાણકારી મામલતદાર દ્વારા તાલુકાના સરપંચોને અને મહેસુલી તલાટીઓને આપવામાં આવી હતી.

## દાહોદ જિલ્લામાં નિરાધાર વિધવા સહાય યોજના અંતર્ગત ૭૨૯૩ લાભાર્થીઓને લાભ અપાયો

દાહોદ,

નિરાધાર વિધવા સહાય યોજના અંતર્ગત રૂ. ૧૨૫૦ માસિક સહાય અંતર્ગત આપવામાં આવે છે. દાહોદ જિલ્લામાં આ યોજના અન્વયે ગત સપ્ટેમ્બર મહિનામાં કુલ ૭૨૯૩ લાભાર્થીઓને લાભ અપાયો હતો. જેની રકમ રૂ. ૫૯૮.૨૩ લાખ જેટલી થાય છે. ઉપરાંત સપ્ટેમ્બર મહિનામાં કુલ ૫૮૪ જેટલી નવી અરજીઓ આવી છે. જેમાં પૂર્તતા માટે બાકી રહેલી અરજીઓ ૧૯૦ છે. જે કામગીરી અત્યારે પ્રગતિ હેઠળ છે. નિવાસી અધિક કલેકટરએ તાલુકા કમ મંત્રીઓને લાભાર્થીઓનું ક્રોસ વેરીફીકેશન પણ કરતા રહેવા જણાવ્યું છે. નિરાધાર વિધવા સહાય યોજનાનો લાભ વધુમાં વધુ લાભાર્થીઓ સુધી પહોંચે તે માટે તાલુકા પ્રમાણે કેમ્પના પણ આયોજન કરવામાં આવશે.

## દાહોદ સબજેલમાં શહેર પોલીસ અને LBCની ટીમ દ્વારા આકસ્મિક ચેકિંગ કરાતા ખળભળાટ

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ સબજેલમાં ભુતકાળમાં ઘણી વખત વિવાદોમાં ઘેરાયી છે. ત્યારે રવિવારના રોજ બપોરના સમયે કોઈ ગેરકાયદે વસ્તુના પ્રવેશ કે શંકાસ્પદ હિલચાલ જેલમાં હોવાની બાતમીના આધારે આકસ્મિક ચેકિંગ હાથ ધરાતા ખળભળાટ મચી જવા પામ્યો હતો. જો કે, શહેર પોલીસ અને એલસીબીની ટીમની બેથી વધુની તપાસ બાદ પણ કંઈ જ નહિ મળતા સંબંધિતોએ હાશ અનુભવી હતી.

દાહોદ શહેરની સબજેલમાં પાંચ બેરેકમાં હાલમાં તેની ક્ષમતા કરતા વધુ ૬૯ કાચા કામના કેદીઓ બંધ છે. ભુતકાળમાં જેલમાંથી કેદીઓ ફરાર થવા સાથે કેદી ફરાર થતી વખતે એન્કાઉન્ટરની પણ એક ઘટના બની છે. જેલમાંથી મોબાઈલ મળ્યાના પ્રકરણો પણ પોલીસ ચોપડે નોંધાયેલા છે. ત્યારે રવિવારની બપોરના સમયે શહેરના ઈ. પી.આઈ.એચ.પી.કરેણની આગેવાનીમાં શહેર પોલીસ અને એલસીબીની ટીમે દાહોદની સબજેલ ઉપર ધામાં નાંખ્યા હતા. જેલમાં કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ કે ગેરકાયદે વસ્તુના પ્રવેશની આશંકાના પગલે ધનિષ્ઠ ચેકિંગ શરૂ કરવામાં આવ્યુ હતુ. પોલીસની ટીમે બે કલાક સુધી જેલના પાંચ બેરેકમાં બંધ ૬૯ કેદીઓની તલાશી સાથે સામાન પણ ચેક કર્યો હતો. આ ઉપરાંત જેલ ઉપર હાજર ત્રણ ગાર્ડની પણ એલર્ટનેસ ચકાસવામાં આવી હતી. જો કે તલાશી અભિયાન બાદ જેલમાંથી કોઈ વસ્તુ શંકાસ્પદ મળી ન હતી. જેમાં હાથ ધરાયેલા તલાશી અભિયાનને અધિકારીઓએ રૂટિન ચેકિંગ હોવાનુ જણાવ્યુ હતુ.

## દે.બારીઆના સેવનિયા પાંચિયાશાળ રોડ ઉપરથી મારૂતિવાનમાં લઈ જવાતા ખેરના લાકડા ઝડપી પડાયા

દે.બારીઆ,

દે.બારીઆના સાગટાળા વિભાગના વનકર્મીઓ નાઈટ પેટ્રોલિંગ કરી રહ્યા હતા દરમિયાન સેવનિયા પાંચિયાશાળ રોડ ઉપર મધ્યપ્રદેશ તરફથી મીઠીબોરવાળા રસ્તા ઉપરથી એક મારૂતિવાન ગાડી આવી રહી હતી. શંકાસ્પદ લગતી આ ગાડીને ઉભી રખાવવા માટે પ્રયત્ન કરતા તે ગાડીના ચાલકે ગાડી ઉપર ચઢાવી કચડી નાંખવાનો પ્રયત્ન કર્યો હતો. જે ગાડી વનકર્મીઓને પુરી રીતે શંકાસ્પદ લાગતા ગાડીનો ફિલ્મી ઢબે પીછો કરતા આખરે ખેરના લાકડા ભરેલી આ ગાડી સેવનિયાથી ઝાબ તરફ જતા રોડ ઉપર હાંકી મુકી હતી. મોરમહુડીવાળા જંગલમાં ચાલકે ગાડી રોડ સાઈડમાં મુકી ભાગી ગયો હતો. જયારે ગાડીમાં તપાસ કરતા ગાડીમાં બેસી રહેલ એક ઈસમ ઝડપાઈ ગયો હતો. જેનુ નામ પુછતા તે બદામ ઉ.ફારૂક અ.ગની(ગોધરા)નો હોવાનુ જણાવ્યુ હતુ. ગાડીમાં તપાસ કરતા ગાડીમાં તાજા લીલા ખેરના લાકડા કિ.રૂ.૭,૬૭૮નો મુદ્દામાલ હોવાનુ વનવિભાગે જણાવ્યુ હતુ.

## દાહોદ જિલ્લાની ૫૩૩ ગ્રામ પંચાયતોમાં ૧૫માં નાણાંપંચ હેઠળ કરોડોની ગ્રાન્ટ ફાળવાઈ

સુખસર,

દાહોદ જિલ્લાની ૫૩૩ ગ્રામ પંચાયતોને ૧૫માં નાણાંપંચ યોજના હેઠળ રાજય સરકાર દ્વારા કરોડોની ગ્રાન્ટની ફાળવણી કરાઈ હતી.

દાહોદ જિલ્લાની ૫૩૩ ગ્રામ પંચાયતોમાં ૨૩૦ તાલુકા પંચાયત સીટનો સમાવેશ થયેલો છે. આ વર્ષે ૧૫માં નાણાંપંચ યોજના હેઠળ રાજય સરકાર દ્વારા દાહોદ જિલ્લાની ૫૩૩ ગ્રામ પંચાયતોને રૂ.૨૬,૩૨,૭૦,૮૭૭ ની ફાળવણી કરાઈ હતી. જેમાં સ્વચ્છતાં શૌચાલય અને પાણી માટે વધુ ભાર મુકવામાં આવ્યો છે. દરેક ગ્રામ પંચાયતમાં વિકાસ કામોના ગ્રામસભામાં ઠરાવ કર્યા બાદ કરવામાં આવે તેવી સુચના આપવામાં આવી હતી. કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને ૩૧૯૫ કરોડ ગ્રાન્ટની ફાળવણી કરાઈ હતી.

## ધાનપુરના કણજર ગામે ખેતરમાં ખેડુત ઉપર દિપડાનો હુમલો

ધાનપુર,

ધાનપુર તાલુકાના કણજર ગામની સીમમાં આવેલા ખેતરમાં ઘાસ કાપવા ગયેલા ખેડુત વરીયાભાઈ પારસીંગભાઈ પારગી(ઉ.વ.૪૨) ઉપર એકાએક દિપડો ત્રાટક્યો હતો. ખેતરમાં ઘાસ કાપવાની શરૂઆત કરતા ત્રાટકેલા દિપડાનો ખેડુતો સામનો કર્યો હતો. સામનો થતાં દિપડો ભાગી છુટ્યો હતો. ખેડુતે ઘાસ કાપવાનુ દાંતરડુ ઉગામી દિપડાને પડકારતા દિપડાએ થોડા સમય માટે પાછીપાની કરી પુનઃ હુમલો કરતા તેના પગ ખેડુતે પકડી લીધા હતા. દરમિયાનમાં તેમના ઘર પાસેથી લોકોએ આવી પહોંચી દિપડાને ભગાડી મુકી ખેડુતનો જીવ બચાવ્યો હતો. ખેડુતને ધાનપુર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

## ટૂંક સમયમાં દેશના ૧૨૦ સ્ટેશનો પર લાગુ થશે યુઝર્સ ચાર્જ: ભાડુ વધી જશે

ન્યુ દિલ્હી,

આવતા સમયમાં દેશના મોટા રેલ્વે સ્ટેશનોને તમે નવા અને ભવ્ય સ્વરૂપમાં નિહાળી શકશો. સ્ટેશનોની ખૂબસુરતી વધારવા અને સુવિધાઓ ઉભી કરવા માટે સરકારે ૧૦૦થી વધુ સ્ટેશનોની પસંદગી કરી છે. સ્ટેશન રીડેવલ્પમેન્ટનુ કામ પ્રાઈવેટ કંપનીઓ દ્વારા કરવામાં આવશે. ખાનગી નિવેશકોને આકર્ષવા માટે સરકાર ટૂંક સમયમાં યુઝર્સ ચાર્જ અંગે મોટો નિર્ણય લઈ શકે છે.

કેબીનેટ આવતા એક બે સપ્તાહમાં યુઝર્સ ચાર્જને લઈને નિર્ણય લઈ શકે છે. યુઝર્સ ચાર્જ કેટલાક સ્ટેશનો પર લાગુ કરવાનો છે તેનો ફેંસલો રેલ્વે મંત્રાલય લેશે. માનવામાં આવે છે કે આ ચાર્જ ૧૦ થી ૫૦ રૂ. વચ્ચે છે. અલગ અલગ વર્ગ માટે આ ચાર્જ અલગ અલગ રહેશે. ફર્સ્ટ કલાસના મુસાફરો માટે તે મહત્તમ રહેશે.

માનવામા આવે છે કે પ્રથમ ચરણમાં ૧૨૦ સ્ટેશનો પર યુઝર્સ ચાર્જ લાગુ કરવામાં આવશે. જેમાં દિલ્હી, મુંબઈ, નાગપુર, તિરૂપતિ, ચંદીગઢ, ગ્વાલીયર જેવા સ્ટેશનો સામેલ છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે આની અસર પ્લેટફોર્મ ટીકીટ પર પણ પડશે. મુસાફરો માટે તે ભાડામાં સામેલ કરી દેવાશે. રીઝર્વેશન વગરની કેટેગરીમાં આ ચાર્જ સામેલ કરવો કે નહિ ? તે અંગે સહમતી નથી થઈ.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 90


# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## પંચમહાલમાં છેલ્લા કેટલાક સમયથી

# રોજીંદા કોરોનાના નવા કેસો વધતા આરોગ્ય તંત્રમાં દોડધામ




**- છેલ્લા એક અઠવાડીયામાં જીલ્લામાં કોરાનાનું સંક્રમણ વધ્યું.**
**- એક અઠવાડીયામાં કોરના સંક્રમણથી ૫ દર્દીઓના મોત.**

ગોધરા,
પંચમહાલ જીલ્લામાં છેલ્લા એક સપ્તાહમાં કોરોના સંક્રમિત કેસમાં વધારો થતાં જીલ્લા આરોગ્ય તંત્ર અને વહીવટી તંત્ર હરકતમાં આવ્યું છે. કોરોના સંક્રમિત દર્દીઓ વધી રહ્યા છે. ત્યારે કોરોના ગાઈડ લાઈટની અમલવારી કરવામાં જીલ્લાવાસીઓ સહકાર આપી રહ્યાં નથી તેના પરિણામે કોરોના સંક્રમિત કેસમાં ધરખમ વધારો થઈ રહ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોનાકાળમાં સંક્રમિત કેસ શરૂઆતના સમયગાળામાં માંડ એક બે હતા તે વધીને આજે પંચમહાલ જીલ્લામાં ૨૮ કેસ સાથે કુલ ૩૪૧૩ કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા થઈ છે. ગોધરા શહેર, ગ્રામ્ય, હાલોલ શહેર અને ગ્રામ્ય, કાલોલ શહેર, ગ્રામ્યમાં ખૂબ ઝડપી સંક્રમણ વધ્યું હતું. જેને લઈ જીલ્લા આરોગ્ય તંત્ર અને વહીવટી તંત્ર ચિંતીત થયું છે. જીલ્લાવાસીઓ કોરોનાકાળમાં કોવિડ-૧૯ના નિયમોનું પાલન યોગ્ય રીતે કરવામાં આવે તેવી જાગૃતિ લાવવામાં આવી રહી છે. જેને પરિણામે લોકોમાં પણ કોરોનાકાળમાં માસ્કનો ઉપયોગ તેમજ સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરે તેવી તંત્ર દ્વારા વારંવાર અપીલ કરવામાં આવી રહી છે. હાલ જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસની સંખ્યા સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે છેલ્લા એક સપ્તાહમાં કોરોના સંક્રમિત કેસોની સંખ્યા વધતાં જીલ્લા આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર ચિંતાતુર બની રહ્યું છે. પંચમહાલ જીલ્લામાં ઓકટોબર અને નવેમ્બર મહીનામાં કોરોના સક્રમણ નહીવત હતું. પરંતુ તહેવારોની સિઝનમાં લોકોએ સોશિયલ ડીસ્ટન્સ અને માસ્કનો ઉપયોગ નહીવત કરવાના કારણે હાલ કોરનાનું સંક્રમણ છેલ્લા એક અઠવાડીયાથી વધી રહ્યું છે. પંચમહાલ જીલ્લામાં કોરોનાકાળ દરમ્યાન કોરોના સંક્રમિત દર્દીઓના રીકવરી રેટ સારા જોવા મળ્યા છે. ત્યારે બીજી તરફ ડીસેમ્બર મહિનાની શરૂઆત માં જ કોરના કેસોમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે પંચમહાલ જીલ્લાવાસીઓ કોવિડ-૧૯ની ગાઈડ લાઈન મુજબ માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરીને કોરોનાને નાથવામાં સહકાર આપીએ.

**જીલ્લામાં આવેલ કોરોના દર્દીઓની સંખ્યા**

ગોધરા-૧૧,
હાલોલ-૦૪,
કાલોલ-૦૬,
શહેરા-૦૭

- કુલ આંક ૩૪૧૩.
- ૧૯ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૨૨૧.
- મૃત્યુ આંક - ૧૨૩.

**છેલ્લા એક અઠવાડિયામાં આંકની સ્થિતી**

: ડીસેમ્બર :

| તારીખ | : | આંકડા |
|---|---|---|
| ૦૧ | - | ૧૮ |
| ૦૨ | - | ૨૫ |
| ૦૩ | - | ૨૬ |
| ૦૪ | - | ૨૦ |
| ૦૫ | - | ૩૨ |
| ૦૬ | - | ૨૨ |
| ૦૭ | - | ૨૮ |

# પંચમહાલ જિલ્લામાં સશસ્ત્ર સેના દ્વજદિનની ઉત્સાહપૂર્વક ઉજવણી



ગોધરા,
પંચમહાલ જિલ્લા સેવાસદન ખાતે આજે સશસ્ત્ર સેના દ્વજદિનની ઉજવણી નિમિત્તે જિલ્લા કલેક્ટર અમિત અરોરાને દ્વજદિન પ્રતીક અર્પણ કરવામાં આવ્યું હતું. આ નિમિત્તે સૈનિક કલ્યાણ બોર્ડમાં ફાળો આપતા કલેકટરએ જણાવ્યું હતું કે દેશની સુરક્ષાકાજે પોતાનું સર્વસ્વ અર્પણ કરતા સપૂતો અને તેમના પરિવારજનોના કલ્યાણમાં ફાળો આપવાનો આ અમૂલ્ય અવસર છે ત્યારે જિલ્લાવાસીઓએ આ ભંડોળમાં ઉદારહાથે ફાળો આપવા અપીલ કરી હતી. આ ઉપરાંત, જિલ્લા પોલીસ વડા ડો. લીના પાટીલે પણ કલ્યાણ ભંડોળમાં ફાળો આપતા રાષ્ટ્રસેવાના આ ઉમદાકાર્યમાં સહભાગી થવા જિલ્લાવાસીઓને આગ્રહ કર્યો હતો. જિલ્લાવાસીઓને સૈનિકો અને તેમના પરિવારજનોના કલ્યાણ માટેના ભંડોળમાં ઉદારહાથે ફાળો આપવા અપીલ કરી હતી. આ પ્રસંગે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુર્નવસવાટ અધિકારી દિવ્યેશ મુરલીવાલા, કલ્યાણ વ્યવસ્થાપક માનસિંગભાઈ ચૌધરી, સહાયક કલ્યાણ વ્યવસ્થાપક મીનાબેન યાદવ સહિત સૈનિક કલ્યાણ કચેરીનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. મુરલીવાલાએ જણાવ્યું હતું કે સૈનિક કલ્યાણ કચેરી દ્વારા શહીદ થયેલા જવાનોના કુટુંબીજનો, સૈનિકો અને માજી સૈનિકોના કલ્યાણ અર્થે અને સંકટ સમયે નાણાકીય સહાય આપવા સહિતના વિવિધ કાર્યો કરવામાં આવ્યા છે. આ શુભ હેતુમાં યથાશકિત યોગદાન આપવા ફાળો ચેક અથવા ડ્રાફટના માદયમથી COLLECTOR AND PRESIDENT ARMED FORCES FLAG DAY FUND ACCOUNT કલેકટર અને પ્રમુખ આર્મ્ડ ફોર્સીસ ફ્લેગ ડે ફંડ એકાઉન્ટના નામે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુર્નવસવાટ કચેરી, ગોધરા ખાતે અથવા SBI AC NO.- 38763547590 IFSC CODE- SBIN0000375 પર ટ્રાન્સફર કરાવી શકાશે.

**સશસ્ત્ર સેના દ્વજદિવસ**

અત્રે ઉલ્લેખનીય છે કે સશસ્ત્ર સેના દ્વજદિન અથવા ઝંડા દિવસ સશસ્ત્ર દળોમાં કાર્યરત સૈનિકોના કલ્યાણ માટે ભારતીય નાગરિકો દ્વારા એકત્ર કરાતા આર્થિક ફાળા માટે સમર્પિત છે. સ્વતંત્રતા મળ્યા બાદ ભારત સરકાર સામે તેના સંરક્ષણ દળોના કલ્યાણ હેતુ ફંડ ઉભુ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો ત્યારે સંરક્ષણ મંત્રીના વડપણ હેઠળ રચાયેલ સમિતીએ ૭ ડિસેમ્બરના દિવસને દ્વજદિન તરીકે મનાવી ધનરાશિ એકઠી કરવાનો નિર્ણય કર્યો. આ ઉજવણી પાછળનો વિચાર સામાન્ય જનતામાં દ્વજની નાની પ્રતિકૃતિઓની વહેંચણી કરી અનુદાન મેળવવાનો હતો. ત્યારથી નિયમિત રીતે ૭ ડિસેમ્બરની ઉજવણી ઝંડા દિવસ અથવા તો દ્વજ દિન તરીકે કરવામાં આવે છે.

આ દિવસે એકત્ર કરાતી ધનરાશિનો ઉપયોગ મુખ્યત્વે ત્રણ ઉદ્દેશો ૧. યુદ્ધ સમયે થયેલ જાનહાનિ બાદ પુનર્વસન ૨. સેનામાં કાર્યરત સૈનિકો અને તેમના પરિવારના કલ્યાણ ૩. સેવાનિવૃત સૈનિકો અને તેમના પરિવારના કલ્યાણ માટે કરવામાં આવે છે. આ દિવસે લાલ, ઘેરો વાદળી અને હળવો આસમાની રંગ (આ ત્રણ રંગો ભારતની ત્રણેય સેનાઓના પ્રતીક છે) ધરાવતા નાના દ્વજ વહેંચી ફાળો એકત્રિત કરવામાં આવે છે.

## પંચમહાલ જિલ્લા તેમજ ગોધરાનું ગૌરવ વધારતા શહેર ના બે યુવકો




ગોધરા,
પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરના ધીરજ મલ્હોત્રા અને નિખિલ શર્મા એ બેંગ્લોર ખાતે યોજાયેલી મસલ મેનિયા અંતર્ગત નેચરલ બોડી બિલ્ડીંગ ૨૦૨૦ ચેમ્પિયનશિપ માં પ્રથમ અને ચોથા ક્રમાંક પ્રાપ્ત કરી શહેર નું નામ રોશન કર્યું છે. ત્યારે આ બને યુવકો આગામી યોજાનારી એશિયન ચેમ્પિયનશીપ ૨૦૨૧ માટે ક્વોલિફાઈડ થતા જે ગોધરા શહેર સહિત પંચમહાલ જિલ્લા તેમજ ગુજરાત રાજ્ય માટે ગૌરવાંતિન્ત ની ક્ષણ કહી શકાય.

## દામાવાવ પોલીસ કત્તલના ઈરાદે ૨ ગૌવંશ સાથે ૧ ઈસમ ઝડપાયો

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના મોઘાદરા ગામે રોડ ઉપર દામાવાવ પોલીસ પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન બોલેરો પીકઅપ ગાડીને ઝડપી હતી. પીકઅપ ગાડીનું ચેકીંગ કરતા કત્તલના ઈરાદે ગૌવશ નંગ-૨ કિંમત ૩૦,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડવામા આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના મોઘાદરા ગામે રોડ ઉપર દામાવાવ પોલીસ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન શંકાસ્પદ રીતે પસાર થતી બોલેરો પીકઅપ ગાડી નંબર જી.જે.૧૭.ટીટી.૮૨૪૧ને પોલીસે રોકી હતી અને ચેકીંગ કરતાં કત્તલના ઈરાદે લઈ જવાતા ગૌવંશ નંગ-૨ કિંમત ૩૦,૦૦૦/-રૂપીયા તથા બોલેરો ગાડી મળી ૨,૮૦,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે આરોપી ચાલક દિલીપભાઈ કાભસિંગભાઈ બારીયા ને ઝડપી પાડવામાં આવ્યો હતો. આ બાબતે દામાવાવ પોલીસ મથકે પશુઅત્યાચાર ધારા હેઠળ દિલીપ બારીયા, પરઘીભાઈ ઝવરસિંહ વણઝારા, શિવરાજસિંહ નરવતસિંહ ચૌહાણ વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## હાલોલ બાયપાસ રોડ ઉપર દર્શન ગેસ્ટ હાઉસમાં કુટણખાનું ચલાવતો માલિક ઝડપાયો



તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ,
ગોધરા-વડોદરા-હાઈવે રોડ હાલોલ બાયપાસ ઉપર આવેલ દર્શન ગેસ્ટ હાઉસમાં રૂપજીવને બોલાવીને દેહ વ્યાપાર કરાવતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી કુટણખાનું ચલાવત ગેસ્ટ હાઉસ માલિકને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા-વડોદરા બાયપાસ હાઈવે રોડ ઉપર હાલોલ ખાતે આવેલ દર્શન ગેસ્ટ હાઉસમાં દેહવ્યાપાર માટે લાવીને અલગ-અલગ ગ્રાહકોને બોલાવીને કુટણખાનું ચલાવી રહ્યા છે. તેવી બાતમીના આધારે હાલોલ પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન દર્શન ગેસ્ટ હાઉસના માલિકને ધનારામા છેલારામને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## મોરવા(હ)ના માતરીયા ગામે ગર્ભવતી મહિલાને ત્રાસ આપી આપઘાત માટે પ્રેરણા આપતાં સાસરીયા વિરૂદ્ધ ફરિયાદ

મોરવા(હ),
મોરવા(હ) તાલુકાના માતરીયા વેજમા ગામે સર્ગભા મહિલાને સાસરીયા અને પતિ દ્વારા અવારનવાર ઘર કામ બાબતે માનસીક ત્રાસ આપતા હોય જેને લઈ કાયમી ત્રાસથી કંટાળી જઈ શરીરે આગ લગાડી આપઘાત કરવા મજબુર કરવામાં આવતાં આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સીંગવડ તાલુકાના મછેલા ગામે રહેતા વિજયભાઈ કાળુભાઈ લુહારની પુત્રીના લગ્ન મોરવા(હ) તાલુકાના માતરીયા વેજમા ગામે રહેતા મિનેષભાઈ રમેશભાઈ બારીયા સાથે થયેલ હોય હાલમાં મહિલા ગર્ભવતી હોય તેમ છતાં સાસુ દ્વારા ઘર કામ માટે કકળાટ કરતા હોય તેમ પતિ દ્વારા પણ માનસીક ત્રાસ આપવામાં આવતાં ત્રાસથી કંટાળીને ગર્ભવતી મહિલો આપઘાત કરવા પ્રેરણા આપતા મહિલા એ સળગી આપઘાત કરવાની કોશીષ કરતાં આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

### વડોદરાના વેપારીઓનું કિસાનોને સમર્થન

## ખેડૂતોના સમર્થનમાં રાજકોટ અને ગોંડલના માર્કેટિંગ યાર્ડ આવતીકાલે બંધ રહેશે

રાજકોટ,
કેન્દ્રના નવા કૃષિ કાયદાના વિરોધમાં દિલ્હીની સરહદો પર કિસાનો દ્વારા સતત ૧૧ દિવસથી વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. આવતીકાલે કિસાનો દ્વારા ભારત બંધનું આહ્વાન કરવામાં આવ્યું છે. કિસાનોના ભારત બંધને રાજકીય પાર્ટીઓ સહિત અનેક પક્ષોનું સમર્થન મળી રહ્યું છે. તો હવે કિસાનોના ભારત બંધને ગુજરાતમાંથી પણ સમર્થન મળી રહ્યું છે. વડોદરા બાદ હવે રાજકોટ માર્કેટિંગ યાર્ડ દ્વારા ખેડૂતોને ટેકો આપવાની જાહેરાત કરવામાં આવી છે.

કેન્દ્ર સરકારના નવા કૃષિ કાયદાને રદ્દ કરવા માટે દિલ્હીની સરહદો પર છેલ્લા ૧૧ દિવસથી પ્રદર્શન કરી રહેલા કિસાનોએ આવતીકાલે એટલે કે ૮ ડિસેમ્બરે ભારત બંધની જાહેરાત કરી છે. તો ગોંડલ અને રાજકોટ માર્કેટિંગ યાર્ડ દ્વારા ખેડૂતોના ભારત બંધને ટેકો આપવામાં આવ્યો છે. આવતીકાલે બંન્ને માર્કેટિંગ યાર્ડ બંધ રહેશે. યાર્ડના દલાલ મંડળ દ્વારા આ જાહેરાત કરવામાં આવી છે. ખેડૂતોના આંદોલનના ભારત બંધને સમર્થન આપવાની જાહેરાત કરવામાં આવી છે.

કિસાનો દ્વારા નવા પસાર કરાયેલા ત્રણેય કૃષિ કાયદાને રદ્દ કરવાની માગ કરવામાં આવી રહી છે. આ મુદ્દે કિસાનો અને ખેડૂતો વચ્ચે પાંચ રાઉન્ડની વાતચીત થઈ છે. પરંતુ હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી. હવે કિસાનો અને સરકાર વચ્ચે ૯ ડિસેમ્બરે ફરી બેઠક થવાની છે. આ પહેલા આઠ તારીખે ભારત બંધની જાહેરાત કરવામાં આવી છે.

### સ્વ નિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા આ નિર્ણય લેવાયો

## વાલીનું કોરોનાથી મૃત્યુ થયું હોય તેવા વિદ્યાર્થીને ભણે ત્યાં સુધી શાળામાં મળશે ફી માફી



ગાંધીનગર,
ગુજરાતની ૮ હજાર સ્કૂલોને લઈને એક નિયમ જાહેર કરવામાં આવ્યો છે. કોરોના મહાબિમારીના કારણે મૃતક વાલીઓના સંતોનોને ફી શિક્ષણ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સ્વ નિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા આ નિર્ણય લેવાયો છે. ફી માફી માટે કોરોનાથી મૃત્યુનું પ્રમાણપત્ર જરૂરી બનાવવામાં આવ્યું છે. આ નિયમ ગુજરાતની ૮ હજાર સ્કૂલોને લાગૂ પડશે.

કોરોનામાં મૃત્યુ પામેલા વાલીના સંતાનોને ફી એજ્યુકેશન આપવાની જાહેરાતથી બાળકોને મહંદઅંશે ઘણી મદદ મળી રહેશે. આ નિર્ણય સ્વ નિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા લેવાયો છે. ફી માફીનો લાભ લેવા કોરોનાથી મૃત્યુનો દસ્તાવેજ જે તે સ્કૂલમાં જમા કરાવવું પડશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ અમદાવાદની જાણીતી ૪૦થી વધુ સ્કૂલોના એસોસિયેશન ઓફ પ્રોગ્રેસિવ સ્કૂલના સંચાલકો મૃતક કોરોના વોરિયર્સના બાળકોને ફી લીધા વગર જ ભણાવશે તેવો નિર્ણય લેવામાં આવ્યો હતો.. એઓપીએસમાં પ્રસ્તાવ રજૂ કરાયા બાદ મોટા ભાગની સ્કૂલોએ બાળકોને ફી વગર જ અભ્યાસ કરાવવાની તૈયારી દર્શાવી છે. આવનારા સમયમાં આ મુદ્દે સ્કૂલોની સંખ્યા પણ વધી શકે છે.

સમાજ માટે જે કોરોના વોરિયર્સ કોરોના સામેની લડાઈમાં મૃત્યુ પામ્યા છે તેઓના બાળકોનું ભવિષ્ય ઊજળું બને તેવો પ્રયાસ શહેરની જાણીતી સ્કૂલો દ્વારા કરાયો છે. સમાજને કોરોનાથી બચાવવા અને કોરોનાના દર્દીઓને યોગ્ય સારવાર મળી રહે તે માટે હજારો હેલ્થ કર્મચારીઓ રાત દિવસ કામ કરી રહ્યાં છે અને આ કામગીરી દરમિયાન જ તેઓ પોતે પણ સંક્રમિત થઈ ગયા હતા.

લોકોની સેવા કરતા તેઓ મૃત્યુ પામ્યા હતા. તેમના પરિવારને કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન આવે તે જોવાની સમાજની ફરજ છે. ખાસ કરીને તેમના બાળકોનો અભ્યાસ આર્થિક કારણોને લીધે અટકે નહીં તેની જવાબદારી શહેરના સ્કૂલ સંચાલકોએ ઉઠાવી છે. આ પહેલા એઓપીએસના ગ્રૂપમાં પ્રસ્તાવ રજૂ કરાયો હતો. વિચારણાને અંતે મોટાભાગના સ્કૂલ સંચાલકોએ તૈયારી દર્શાવી હતી. એઓપીએસમાં અમદાવાદની મોટાભાગની જાણીતી સ્કૂલોનો સમાવેશ થાય છે.